સરકારી કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં વિદ્યાર્થીઓ, એનએસએસ વૉલન્ટીયર્સ અને શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ પણ જોડાયો હતો. કુલ ૨૦૦ જેટલાં રોપાઓનું આરોપણ આ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

સી એમ હાઈસ્કૂલમાં વાલી સંમેલન યોજાયું

કડી સર્વ વિદ્યાલય સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિજ્ઞાનપ્રવાહના ધોરણ-૧૧ અને ૧૨ના વાલીઓનું સંમેલન બુધવારે યોજવામાં આવ્યું હતું, જેમાં ૩૦૦થી વધુ સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી શાળાના સ્ટાફ સાથે નેશનલ ટ્રેનર અને કાઉન્સીલર નિમેષ રાવલ સાથે સહ-ચિંતન કર્યું હતું. સુપરવાઈઝર્સ બી. એ. પટેલ અને શ્રી મુકેશભાઈ પટેલએ સુંદર આયોજન કર્યું હતું.

કાર્યક્રમની શરુઆતમાં આચાર્ય બી. કે પટેલે સ્વાગત પ્રવર્ચન કર્યું હતું. નિમેષ રાવલે વાલીઓ સાથે સુંદર વિચારોની અભિવ્યક્તિ રજૂ કરતા જણાવેલું કે બાળકની ક્ષમતા મુજબ અપેક્ષા રાખો. તમે જે બાળક પાસેથી ઇચ્છો છો તેવું વર્તન પ્રથમ તમે અમલમાં મુકો. **Update yourself.** બાળકની શક્તિઓને પારખી તે દિશામાં વાળો. બાળકને સમય આપો. શાળાના શિક્ષક વી. એમ. પટેલે શાળાકીય આયોજન અને વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ચેતનાબેન બુચે સંભાળ્યું હતું.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રિ મહોત્સવના વિજેતા ખેલૈયા દ્વારા રિલાયન્સ ચાર રસ્તા પાસે સુંદરમ ગરબા ક્લાસિસનો આરંભ કરવામાં આવ્યો છે. મા જગદંબાની આરતી ઉતારી ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર જીગાબાપુ અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા આ ગરબા તાલીમ વર્ગનો આરંભ કરાવવામાં આવ્યો હતો. વર્ગ સંચાલક પ્રતીક જાની, દિશા જાની અને મિત્તલ શર્મા છે, જેઓ આ વર્ગ અંતર્ગત ફ્રી સ્ટાઈલ ગરબા, કચ્છી રાસ, હૂડો, પોપટીયું, દોઢીયું તથા અવનવી ગરબા સ્ટાઈલ રસજ્ઞોને શીખવવા તત્પર છે. નવરાત્રીના અસલી ખેલૈયાઓ દ્વારા પ્રશિક્ષણ મળશે એ વાતથી ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં હર્ષની લાગણી ઊદ્‌ભવી છે. આ શુભારંભ પ્રસંગે ખેલૈયાઓ, ગણમાન્ય લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

એમ બી પટેલ સ્કૂલમાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ દ્વારા ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

પ્રથમ સ્થાને સુરેખા કનુભાઈ ભોઈ, અનમોલ બાબુલાલ દવે, પાયલ કમલેશ પટેલ, દ્વિતિય સ્થાને ઝીયા સમીરખાન પોલાદી, માહી નંદુલાલ પટેલ અને કશિશ મુકેશભાઈ શાહ વિજેતા બન્યાં હતાં. ભાગ લેનાર અને વિજેતા બનનાર તમામ વિદ્યાર્થીનીઓને આચાર્ય નીરૂબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. શાળા પરિવાર તરફથી શાળાની બે હજાર જેટલી વિદ્યાર્થીનીઓને કેળાંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

સી એન આર્ટ્સ એન્ડ બી ડી કોમર્સ કૉલેજમાં 'સ્વાગતોત્સવ-૨૦૧૭' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કૉલેજ ખાતે જુન/જુલાઈ ૨૦૧૭માં પ્રથમ વર્ષ બી.એ./બી.કોમ. અને પ્રથમ વર્ષ એમ.એ./એમ.કોમ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને આવકારવા માટે 'સ્વાગતોત્સવ' સમારંભ શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટીના ઉપપ્રમુખ ડૉ. રજનીકાંતભાઈ શાહના પ્રમુખસ્થાને યોજાઈ ગયો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજેશભાઈ શુકલ (સભ્ય, જી.પી.એસ.સી.), વિનોદભાઈ પટેલ (ચેરમેન, એ.પી.એમ.સી. કડી તથા સભ્ય, ગુજકોમોસાલ), અશ્વિનભાઈ પરીખ (મંત્રી, એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી), નલીનભાઈ એમ. શાહ (મંત્રી, એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી), જયદીપભાઈ બ્રહ્મભટ્ટ, અબ્દુલભાઈ દલાલ, સુરેશભાઈ પટેલ (કારોબારી સભ્ય, એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી) આચાર્ય દિપકભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહયા હતા.

પ્રાર્થનાગીત 'સત્યમ્, શિવમ્, સુંદરમ્'થી સમારંભનો આરંભ થયો. પ્રિન્સિપાલ ડૉ. જી. ડી. ત્રિપાઠીએ આમંત્રિત સર્વ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરતાં સભાજનોને તેમનો પરિચય કરાવ્યો હતો. દીપપ્રાગટ્ય દ્વારા ઉપસ્થિત મહેમાનોએ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. સંસ્થા દ્વારા સર્વ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. ચિરાગ ધંધુકીયાએ પી.પી.પી. દ્વારા સભામાં ઉપસ્થિત સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને કૉલેજની વિવિધ પ્રવૃતિઓ, લાયબ્રેરી, એન.એસ.એસ., એન.સી.સી., સ્પોર્ટ્સ વગેરેનો પરિચય કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ચિરાગ ધંધુકીયા તથા પ્રૉ. રવિ રંગવાણીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે વા. પ્રિન્સિપાલ પ્રૉ. આઈ. બી. પટેલે આભારદર્શન કર્યું હતું. સ્વાગોત્સવ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમને ઉપસ્થિત શ્રોતાઓએ મનભરીને માણ્યો હતો.

ઈન્ફોસિટી સ્કૂલ ખાતે કારકિર્દી સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ઈન્ફોસિટી સ્કૂલ ખાતે તાજેતરમાં કારકિર્દી વિષયક સેમિનાર યોજવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓના ઘડતરમાં કારકિર્દીનું મહત્ત્વ રહેલું છે એ બાબતને ધ્યાને રાખીને ઈન્ફોસિટી સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે આ વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ વિદ્યાર્થીઓના વાલીઓને પણ ઉપસ્થિત રાખવામાં આવ્યા હતા.

સાહસ દ્વારા સફળતા અને વિદ્યાર્થીઓના જીવનમાં આવતા સામાજિક પડકારોનો સામનો કેવી રીતે કરવો તથા હંમેશાં જીવનમાં સજ્જન માણસ બનવા માટે કરણી અને કથનીમાં ફરક ન રાખી પૈસા કરતાં કર્મને વધુ મહત્ત્વ આપવાની ગુરુચાવી આ સેમિનાર અંતર્ગત વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવી હતી.

સેમિનારનું આયોજન ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પ્રવીણાબેન અને અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્ત્વ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયાસર અને પ્રમુખ વૈષ્ણવસર ઉપસ્થિત રહ્યા હતા.

ધોરણ ૧૨ અને ૧૦ની પૂરક પરીક્ષા પૂર્ણ પેપર્સ સરળ રહેતાં વિદ્યાર્થીઓને રાહત

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પૂરક પરીક્ષા મંગળવારે પૂર્ણ થઈ છે. પૂરક પરીક્ષા પૂર્ણ થતાં હવે બોર્ડ દ્વારા ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવશે અને આગામી દિવસોમાં બોર્ડ દ્વારા પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર કરાશે. પૂરક પરીક્ષા દરમિયાન કુલ ૨૫ કોપી કેસ નોંધાયો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ૮ જુલાઈથી પૂરક પરીક્ષા શરૂ કરવામાં આવી છે. જેમાં ધોરણ-૧૦ના ૫૩ હજાર, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૫૨ હજાર જેટલા અને સાયન્સના ૪૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. ચાર દિવસ બાદ ૧૧ જુલાઈના રોજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પરીક્ષા પૂર્ણ થઈ છે. પૂરક પરીક્ષામાં મોટાભાગના પેપરો સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહત અનુભવી છે.

પૂરક પરીક્ષા દરમિયાન કુલ ૨૫ કોપી કેસ નોંધાયા હતા. જેમાં ધોરણ-૧૦ના કુલ ૧૪ વિદ્યાર્થીઓ કોપી કરતા પકડાયા હતા. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧ કોપી કેસ નોંધાયો હતો. જ્યારે સાયન્સની પરીક્ષામાં ૧૦ કોપી કેસ નોંધાયા હતા. આમ, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ તથા સાયન્સના મળી કુલ ૨૫ વિદ્યાર્થીઓ સામે કોપી કેસ કરવામાં આવ્યો હતો.

બોર્ડ દ્વારા લેવાયેલી પૂરક પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે બોર્ડ દ્વારા ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવશે અને ટૂંકાગાળામાં બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરી જાહેર કરવામાં આવશે.

મેડિકલ અને પેરા મેડિકલ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

ધો.૧૨ પછી મેડિકલ પેરા મેડિકલની ૧૪૯૯૫ બેઠકો પર પ્રવેશ માટે આખરે નવી સમિતિ દ્વારા પ્રવેશનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. આજથી ૧૮મી સુધી માન્ય બેંકની ૧૦૩ બ્રાન્ચમાંથી પીન વિતરણનો આરંભ પણ કરી દેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ તા.૧ ઉમીથી ૧૯મીએ રાતે ૧૨ વાગ્યા સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. વિદ્યાર્થીઓએ કરેલા રજિસ્ટ્રેશનના આધારે તા.૨ ઉમીએ પ્રોવિઝનર મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવશે. મેડિકલ-પેરા મેડિકલની તમામ કોલેજોની ૭૫ ટકા બેઠકો એટલે કે સરકારી સીટ અને ૧૦ટકા મેનેજમેન્ટ અને ૧૫ ટકા બેઠકો એનઆરઆઈ તરીકે રાખવામાં આવશે. તમામ કેટેગરીમાં પ્રવેશ માટે એક જ ફોર્મ ભરવાનું રહેશે. રજિસ્ટ્રેશન કરાવ્યા પછી રજિસ્ટ્રેશન કન્ફર્મ કરવા, પ્રમાણપત્રો ચકાસણી અને જમા કરાવવા માટે કમિટી દ્વારા માન્ય કરેલા ૩૨ હેલ્પ સેન્ટરો પર તા.૧ ઉમીથી ૨૦મી જુલાઈ સવારે ૧૦થી ૪ વાગ્યા સુધી કાર્યવાહી કરાશે. અમદાવાદ અને સુરતના લોકલ વિદ્યાર્થીઓએ લોકલ સીટ માટે એનએચએલ મ્યુનિ. મેડિકલ અને સુરત મ્યુનિ. મેડિકલ કોલેજના ડીન પાસેથી લોકલ વિદ્યાર્થી તરીકેનું સર્ટીફીકેટ મેળવવાનું રહેશે. તા.૨ ઉમીએ પ્રોવિઝનલ મેરિટલીસ્ટ જાહેર કરાશે.

આ નગરની મોટાભાગની સમસ્યાઓ માનવસર્જિત છે

હંમેશાં લોકો સાથે રહેવા ટેવાયેલું 'ગાંધીનગર સમાચાર' આજથી આ નવો વિભાગ શરૂ કરે છે, જેના માધ્યમથી હવે લોકોનો અવાજ પણ ગાંધીનગર સમાચારમાં નિયમિત પડઘાશે. આ વિભાગમાં કોઈપણ વાચક પોતાના વિસ્તારના પ્રશ્નો, સમસ્યાઓ કે પછી પ્રેરણાત્મક વાતો અંગે પણ લખી શકે છે, જે માટે અખબાર સૌ વાચકોને નિમંત્રણ પાઠવે છે. આ વાચકોના વિચારો છે, તેથી અખબાર, તંત્રી આ વિચારો સાથે સંમત છે એમ માની લવું નહીં.

હાલમાં ગુજરાત સરકાર દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવા માટે રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યાં છે. આ સાથે આ વર્ષે કલા મહાકુંભ પણ શરૂ થશે એવું સાંભળ્યું છે પરંતુ આ અંગેનાં ઓનલાઈન ફોર્મ કે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આ અંગેની સ્પષ્ટતા થાય અને સરકાર દ્વારા તેની માહિતીનો યોગ્ય રીતે પ્રસાર થાય તે ઇચ્છનીય છે, જેથી સૌ કોઈ ઇચ્છિત વ્યક્તિ રજિસ્ટ્રેશન કરાવી શકે.

- એક વાચક

શાક માર્કેટની સ્વચ્છતાને કાયમી બનાવવાની જરૂરિયાત વર્ષોથી વર્તાઈ રહી છે, જે માટે મારાં સૂચનો છે.

કોર્પોરેશન માર્કેટની સફાઈ માટે નિયમિત સ્ટાફ મૂકે અને સફાઈ સુપરવાઈઝરનાં નામ-ટેલિફોન નંબર સાથેનું બોર્ડ માર્કેટમાં જ મૂકે, જેથી સોશિયલ ઑડિટ શક્ય બને.

વેપારીઓ કચરો યોગ્ય જગ્યાએ જ નાખે અને શાક માર્કેટને પ્લાસ્ટીકની થેલીઓ મુક્ત બનાવવા માટે નગરજનો સહકાર આપે.

માર્કેટમાંથી પાથરણાંવાળાને દૂર કરવા અને રોડ પરનાં દબાણો પણ.

- કુમુદબેન દવે
સેક્ટર-૧ સી

હાલ સ્કૂલ્સમાં ફી વધારા મુદ્દે ઘણા પ્રશ્નો છે. ઉપરાંત, પુસ્તક, યુનિફોર્મ વગેરે માટે પણ અલગ-અલગ નિયમો દેખાઈ રહ્યા છે. મારું બાળક સ્કૂલ ઑફ એચિવર્સમાં છે. દર વર્ષે સ્કૂલ દ્વારા પુસ્તકો પૂરાં પડાય છે, જે ખાનગી પ્રકાશકના જ હોય છે. આ વર્ષે સ્કૂલ દ્વારા બહારથી ખરીદી કરવાની છૂટ અપાઈ છે. વાલીઓએ પુસ્તકો ખરીદ્યાં, જેની ઉપર પ્રત્યેક પુસ્તકને લેમિનેશન કરવાના ૨૦ રૂપિયા ચાર્જ પણ ચૂકવ્યો. પરંતુ, સ્કૂલમાં ગૂંચવાડો ઊભો થતાં પૂછવામાં આવ્યું ત્યારે ખબર પડી કે ગુજરાત સરકારનાં પુસ્તકો માત્ર કબાટમાં મૂકી રાખવાનાં છે. તો પછી સ્કૂલે શા માટે આટલાં બધાં પુસ્તકો ખરીદાવ્યાં ? બધા વાલીઓની બે પ્રકારનાં પ્રકાશનો ખરીદવાની ક્ષમતા હોતી નથી અને એમાંય લેમિનેશનના ખર્ચા વધારાના. તો શું ગુજરાત સરકારનાં પુસ્તકો ભણાવવા યોગ્ય નથી ?

- વાચક

ગાંધીનગર સ્માર્ટ સિટી બને એવું સૌ કોઈ ઇચ્છે છે, પરંતુ આ શહેરમાં જ્યાં સુધી પ્રાથમિક સેવાઓ ઉત્તમ પ્રકારની નહીં બને ત્યાં સુધી તે સ્માર્ટ સિટી નહીં બની શકે.

છ વર્ષ પહેલાં નગરપાલિકાની રચના થઈ પરંતુ પાલિકા લોકોની અપેક્ષાઓ પર ઉણી ઊતરી છે. મુખ્ય માર્ગો સિવાય તેને જોડતા માર્ગો, આંતરિક રસ્તાઓ, કોમન પ્લોટમાં ક્યાંય સફાઈ થતી નથી. સફાઈ વેરો લેવાય છે પણ તેમ છતાં આંતરિક રસ્તાઓ પર કચરાના ઢગલા જોઈ શકાય છે.

ગાંધીનગરના એક પણ મુખ્ય માર્ગ ઉપર શૌચાલય કે મૂતરડી પણ નથી. લોકો બેશરમ બની રસ્તાઓ પર પેશાબ કરતાં જોવા મળે છે, જેનાથી મહિલાઓ ક્ષોભજનક સ્થિતિમાં મૂકાય છે.

પીવાના પાણીની સુવિધા છે, પરંતુ પૂરતા પ્રમાણમાં અને પૂરતા દબાણથી પાણી મળતું નથી.

તંત્રીને પત્ર

નગરમાં અનેક સ્થળોએ ગટર ઊભરાવાની કે ચોક અપ થવાની ફરિયાદો થાય છે અને મુખ્ય માર્ગો કે આંતરિક માર્ગોની ૫૦ ટકા સ્ટ્રીટ લાઈટ્સ બંધ છે. અનેક ફરિયાદો કરવા છતાં ખાનગી વીજ કંપની દાદ આપતી નથી.

શહેરમાં વાહનો માટે ગતિ નિયંત્રણ પણ નથી, જેનાથી અવારનવાર જીવલેણ અકસ્માતો સર્જાતા રહે છે.

રખડતાં ઢોરોનો ત્રાસ જેવો પાટનગરમાં છે તેવો ક્યાંય નહીં હોય. નગરપાલિકા સમક્ષ અનેક વખત રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય છે.

જીવ દયાને કારણે રખડતાં કૂતરાઓની સંખ્યા પણ અહીં ઘણી વધારે છે.

રાજાના કુંવરની માફક ઝૂંપડપટ્ટી અહીં દિવસે ને દિવસે વધતી જાય છે. ૩૦ વર્ષ પહેલાં સત્તાવાર આંકડા મુજબ અહીં ત્રણ હજાર ઝૂંપડાં હતાં અને આ સંખ્યા દસ હજાર ઉપર પહોંચી ગઈ છે.

દરેક સેક્ટરમાં લારી-ગલ્લાઓ મોટી સંખ્યામાં છે, જેમને માઈક્રો શોપિંગ બનાવી નામના ભાડાથી જગ્યા આપી શકાય તેમ છે, પરંતુ સરકાર કે નગરસેવકોની દાનત જ નથી.

નગરને સ્માર્ટ સિટી બનાવવા માટે નિયત, સેવાભાવ અને ઇચ્છાશક્તિ હોવી જરૂરી છે, જે કોઈપણ નગરસેવક કે સરકારમાં દેખાતી નથી.

- જયંતભાઈ જી ભટ્ટ
સેક્ટર-૭ ડી

ગાંધીનગર શહેરમાં મહાનગરપાલિકાની રચના પછી સુવ્યવસ્થા અને સ્વચ્છ વહીવટ સાથે સ્વમાન સાથે નાગરિકોને ઉત્તમ સગવડો મળશે એવી આશા ધરાર ઠગારી નીવડી છે.

ચોક્કસ આદર્શો અને વિચારસરણીને વરેલા પ્રબુદ્ધ નાગરિકોએ ચૂંટેલા જનપ્રતિનિધિઓએ શરૂઆતથી જ સત્તા મેળવવાના મોહમાં પક્ષપલટો કરી નાગરિકોનો દ્રોહ કર્યો છે. બીજી વારની ચૂંટણીમાં પણ એનો એ જ સિલસિલો ચાલુ રાખી પ્રજાનો વિશ્વાસ ભંગ કર્યો છે એ દુખની વાત છે.

આવી પરિસ્થિતિમાં સમજદાર નાગરિકો આ તમાશો જોઈ મૌન બનીને બેસી ન રહે એ સ્વાભાવિક છે. પ્રજા જાગૃતિ દ્વારા સત્તાલોલુપ, તકવાદી પરિબળોને અટકાવવા નગરની જાગૃત જાહેર સંસ્થાઓએ સંગઠિત થઈને વિચારવાનો સમય પાકી ગયો છે.

- ભાનુપ્રસાદ પુરાણી

જેમ દરેક નગરને હોય એમ આપણા નગરને પણ પોતાની સમસ્યાઓ છે. પણ એમાં મોટાભાગની સમસ્યાઓ તો માનવસર્જિત છે. વૃક્ષછેદન, દબાણ, કચરાના ઢગ, રસ્તા પરના અકસ્માતો ઉપરાંત જાહેર સ્થલોની તથા સેક્ટર્સના બગીચાઓની જાળવણી વગેરે બાબતનું શિક્ષણ કે સંસ્કાર કોઈ કૉલેજ કે શાળા નહીં આપે. આ બાબત દરેક નાગરિકે પોતે અંગત રીતે જાગૃત રહી તથા જ્યાં જરૂર પડે ત્યાં આથી વિરુદ્ધ વર્તનારને મીઠી ટકોર કરવાની નૈતિક હિંમત એક જાગૃત અને જવાબદાર નાગરિક તરીકે આપણે કેળવવી પડશે.

- ગોરધનભાઈ પટેલ,
સેક્ટર-૨૭

આ વિભાગમાં પ્રગટ થતાં લખાણો સાથે અખબાર, તંત્રી સંમત છે એમ માની લવું નહીં

ડેઈલી કરંટ

દર્શન માર

95862 87447

(૧) વૈકલ્પિક ઈંધણનો ઉપયોગ કરવા માટે ભારતીય રેલવે તંત્રને કયો પુરસ્કાર પ્રાપ્ત થયો છે ?

(એ) ગોલ્ડન સ્વાન

(બી) ગોલ્ડન પીકોક

(સી) ગોલ્ડન કો

(ડી) ગોલ્ડન સ્પેરો

(૨) ૨૦૧૭માં કેન્દ્ર નાણાં મંત્રી અરૂણ જેટલીએ કરદાતાઓ માટે કયું ઈ પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે ?

(એ) આયકર સેતુ

(બી) આયકર વૃક્ષ

(સી) આયકર દાન

(ડી) કરદાતાને જ્ઞાન

(૩) વિશ્વના કયા દેશના ઓકિનોશિમા દ્વિપને યુનેસ્કોએ વિશ્વ ધરોહર જાહેર કર્યું છે ?

(એ) ચીન

(બી) દક્ષિણ કોરિયા

(સી) જાપાન

(ડી) મલેશિયા

(૪) ભારતમાં કેટલા રૂપિયાથી વધારેના ઉપહાર (ગિફ્ટ) પર જીએસટી લાગુ થશે ?

(એ) રૂા. ૫૦ હજાર

(બી) રૂા. ૧૦ હજાર

(સી) રૂા. ૧૫ હજાર

(ડી) રૂા. ૨૦ હજાર

(૫) ભારતમાં એનપીસીઆઈ દ્વારા યુપીઆઈ (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ) માટે કઈ કંપનીને મંજૂરી આપવામાં આવી છે ?

(એ) વાઈબર

(બી) વોટ્સએપ

(સી) વીચેટ

(ડી) કોઈપણ નહીં

(૬) પદ્મવિભૂષણ સન્માનિત કયા દેશના પૂર્વ ભારતીય રાજદૂત નરેશ ચંદ્રાનું નિધન થયું છે ?

(એ) વિયેતનામ

(બી) ફિલાપાઈન્સ

(સી) મલેશિયા

(ડી) અમેરિકા

(૭) ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ પદે તાજેતરમાં કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(એ) સુનિલ ગાવસ્કર

(બી) રવિ શાસ્ત્રી

(સી) સચિન તેંદુલકર

(ડી) રાહુલ દ્રવિડ

(૮) ભારતમાં વિપક્ષના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે કોના નામની જાહેરાત કરવામાં આવી છે ?

(એ) ગોપાલકૃષ્ણ ગાંધી

(બી) મલિકા અર્જુ ખર્ગે

(સી) સોનિયા ગાંધી

(ડી) મોતીલાલ વોરા

(૯) ૨૦૧૮માંલ જી-૨૦ સંમેલન કયા શહેરમાં યોજાઈ રહ્યું છે ?

(એ) આર્જેન્ટિના

(બી) રશિયા

(સી) અમેરિકા

(ડી) જાપાન

(૧૦) ૨૦૧૮માં આયોજિત જી-૨૦ સંમેલનના ચેરમેન કોણ છે ?

(એ) મોરિસિયો મેકરી

(બી) આર્જેન્ટિના વિકલી

(સી) મોરિયો લીન

(ડી) મોલીન કિવીન